સફાઈ કામદારનું ગટરમાં ગંગળામણ/ડૂબી જવાથી મૃત્યુ થવાના પ્રસંગે પરિવારને પુનઃવસન માટે સહાય આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૮–ન.બા.૪૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૩૧-૮-૨૦૦૯

વંચાણે લીધોઃ–સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫–૦૭–૦૫નો
ઠરાવ ક્રમાંકઃ–એસસીડબલ્યુ–૧૦૨૦૦૫–૧૫૭૭–ગ.

ઠરાવઃ–

ઉપર જણાવેલ સંદર્ભ હેઠળના ઠરાવથી સફાઈ કામદારોને આકસ્મિક વ્યકિતગત વિમા કવચ રૂ.૧/લાખ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સફાઈ કામદારના ગટરમાં ગુંગળામણ/ડૂબી જવાના પ્રસંગે મૃતકનાં કુટુંબીજનોને/આશ્રિતોને વધુ રાહત આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ માટે વર્ષ ૨૦૦૯–૧૦ના વર્ષમાં અંદાજપત્રમાં રૂા.૨૦/–લાખની નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. તેને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના અંતર્ગત સફાઈ કામદારનું ફકત ફરજ દરમ્યાન ગટરમાં ગુંગળામણથી/ડૂબી જવાથી કે આકસ્મિક મૃત્યુ થાય તે પ્રસંગે સંદર્ભ હેઠળના ઠરાવથી મળવાપાત્ર રૂા.૧(એક) લાખના વિમા કવચ ઉપરાંત રૂા.૧(એક)લાખની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ધ્વારા સંબંધિત યોજનાની ગ્રાન્ટમાંથી કામદારના આશ્રિતો/કુટુમ્બને ચૂકવવામાં આવશે. આમ આવા પ્રસંગે સફાઈ કામદારના કુટુમ્બ/આશ્રિતોને પુનઃવસન માટે કુલ રૂા.૨(બે)લાખનીરકમ વિમા કવચ સહિત મળવાપાત્ર થશે.

(૨) આ યોજના માટે અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨/– આ અંગેનું ખર્ચ "માંગણી નં.૯૫–મુ.સ.૨૨૨૫–અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ–૦૧–અનુસૂચિત જાતિઓનું કલ્યાણ–૧૦૨–આર્થિક સેવાઓ(૧૧)–બીસીકે–૭૫–સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનર્વસન માટે નાણાકીય સહાય" સદર હેઠળ મંજૂર થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૩/– આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૦/૦૮/૦૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.યુ.ખત્રી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.



Scanned by CamScanner